
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**લખો તમારા ઓપિનીયન પોલમાં કે... અમે અમારો મત ઈવીએમને આપવાના છીએ... પછી ઈવીએમ જેને આપવો હોય તેને આપશે....!!!**

# ગુજરાતના સ્થાપના દિનથી દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં ૧લી મે ગુજરાત સ્થાપના દિનથી દુકાનો, મોલ્સ અને હોટલ્સ ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે. રાજ્ય સરકારે આ દિવસથી અધિનિયમને લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. જો કે રજીસ્ટર્ડ કરાવેલી દુકાનો અને હોટલોએ શ્રમ કાયદાનો અમલ કરવાનું રહેશે. મહિલાઓને રાત્રીના નવ વાગ્યા પછી કામ પર રાખી શકાશે નહીં.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ કહ્યું છે કે ગુજરાતના રાજ્યપાલે વિધાનસભાના બીલને મંજૂરી આપી દીધી છે અને હવે તેના ડ્રાફ્ટ નિયમોને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે. ૧લી મે થી તે રાજ્યમાં લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે રાત્રે પણ દુકાનો અને હોટલો ચાલુ રાખવાના કારણે મોટી સંખ્યામાં લોકોને રોજગારી મળશે તેવી ધારણા છે. આ ઉપરાંત કર્મચારીઓના પગારમાં પણ વધારો થશે.

દુકાનો અને સંસ્થા અધિનયમ (ગુમાસ્તા ધારો) રદ કરીને નવો શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૨૦૧૯નો કાયદો અમલમાં આવ્યો છે, જે હેઠળ નાના વેપારીઓ અને નાના ઔદ્યોગિક એકમોએ વ્યવસાયનું રજિસ્ટ્રેશન એક જ વખત કરવાનું રહેશે. એકમો અને દુકાનોને પ્રતિ વર્ષ રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ અપાશે. કર્મચારીઓની સુવિધા અંગે તેમણે કહ્યું કે, નવા અધિનયમ હેઠળ સ્થાનિક સત્તા મંડળના વિસ્તારો ઉપરાંત સમગ્ર રાજ્યને આ વિધેયકમાં આવરી લેવાશે. કામદારોનાં હિતોનું રક્ષણ થાય તેની પણ કાળજી રાખવામાં આવશે.

શ્રમયોગીઓ માટે શિફ્ટમાં કામ કરવા માટેની છૂટની સાથે સાથે ઓવરટાઈમમાં પણ દોઢ ગણાને બદલે હવે બમણું વેતન આપવામાં આવશે. સાથે ૩૦થી વધુ કર્મચારી ધરાવનાર સ્ટોર, દુકાન માલિકે મહિલાઓને ધ્યાનમાં રાખી ઘોડિયાંઘરની વ્યવસ્થા કરવી પડશે. મહિલાઓ સવારે ૬ થી રાત્રે ૯ વાગ્યા સુધી જ નોકરી કરી શકશે. દુકાનમાં રાત્રે મહિલા કર્મચારીઓ રાખી શકાશે નહીં. ૧૦૦થી વધુ કર્મચારી ધરાવતા સ્ટોર કે દુકાન માલિકે કેન્ટીનની વ્યવસ્થા કરવી પડશે.

વેપારીઓને આ નિર્ણયથી ફાયદો થશે. રિટેલ બજારમાં પણ વેપારીઓ ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખીને ધંધો વધારી શકે છે. રાજ્યમાં લગભગ ૭ લાખ જેટલા દુકાનદારો હંમેશા તેમની દુકાન ચાલુ રાખી શકાશે. જેથી તેમની આવક વધશે. રાત્રે દુકાનો ચાલુ રાખનાર લોકોની રોજગારી વધશે.

અત્યાર સુધીમાં સાત લાખ દુકાનદારો માટે દર વર્ષે ગુમાસ્તા ધારા હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત હતું, હવે સુધારા બાદ દર વર્ષે રિન્યૂ નહીં કરાવવું પડે. માત્ર શરૂઆતના પ્રથમ વર્ષે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. એટલે કે દર વર્ષે રિન્યૂ કરાવવામાંથી સરકારે મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઈવે, રેલવે પ્લેટફોર્મ, એસટી મથક, હોસ્પિટલ, પેટ્રોલપંપ પર આવેલી દુકાનોને ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે જ્યારે નગરપાલિકા, સ્ટેટ હાઈવે પર આવેલી દુકાનોને સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રીના ૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ આપતી જોગવાઈ વિવિધ શરતોને આધીન રહીને કરવામાં આવી છે.

## ચુનાવી ઝોલમેં નેતાઓ કે બિગડતે બોલ...

- સરદાર પટેલના ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ને કબાડી કહેનાર નેતાને શરમ આવવી જોઈએ, આવા નેતાઓનું તો મોઢુ જોઈએ તો પણ આપણો દિવસ બગડે.

  **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**
- ગુજરાતમાં ગોળા ફેંકવાનું મશીન આવ્યું છે, સાવચેત રહેજો.

  **- પરેશ ધાનાણી, વિધાનસભામાં વિપક્ષ નેતા**
- બે રૂપિયા કે પોટલી જોઈતી હોય તો લઈ લેજો, પણ વોટ તો કોંગ્રેસને જ આપજો.

  **- નાથાભાઈ પટેલ, ધારાસભ્ય, ધાનેરા**
- અમારા કોંગ્રેસના નેતા આવે છે, આજે લાઈટ બંધ કરી ના દેતા નહી તો અમે બધા અહીંથી આવીને જીઈબીનુ સ્ટેશન સળગાવી દઈશુ.

  **- અશ્વિન કોટવાલ, ધારાસભ્ય, ખેડબ્રહ્મા**
- સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી વચ્ચે સાપ અને નોળિયા જેવા સંબંધો હતા.

  **- હેમામાલીની, ઉમેદવાર મથુરા**

## ધારાસભ્ય બળદેવજી ઠાકોર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

ગાંધીનગર જિલ્લાના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી છે. ઠાકોર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ મળતાં તંત્ર દ્વારા તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ ચાલુ હોવાથી તંત્રએ હાલ મૌન ધારણ કરેલ છે. જિલ્લામાં કલોલ વિધાનસભા મતવિસ્તાર એ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આવે છે. જિલ્લાના ધારાસભ્ય સામે પ્રથમવાર આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

# કલોલમાં લોકશાહીના મહાપર્વની મતદાન જાગૃતિ માટે રેલી યોજાઈ



કલોલ વિધાનસભા વિસ્તારના કલોલ શહેરમાં રન ફોર વોટર્સ અવેરનેસ અંતર્ગત ભવ્ય રેલી યોજાઈ ગઈ. ભારતમાં લોકશાહીના સૌથી મોટા પર્વમાં એકપણ મતદાર મતદાનથી વંચિતના રહી જાય તેવા ઉદ્દેશથી કલોલના મદદનીશ કલેક્ટર અને મદદનીશ ચૂંટણી અધિકારી સુ. શ્રી. નેહા કુમારીએ મતદાનના શપથ લેવડાવી લીલી ઝંડી આપીને વિશાળ રેલીને મતદાન જાગૃતિ માટે પ્રસ્થાન કરાવ્યું હતું. કોલેજના NSS-NCCના વિદ્યાર્થીઓ ડો. એચ. કે. સોલંકી અને પ્રા. સી. કે. મેવાડાના માર્ગદર્શન મુજબ રેલીમાં જોડાઈને મારો મત મારો અધિકાર વગેરે સૂત્રો દ્વારા મતદારોને જાગૃત કર્યા હતા.જેમાં સ્વીપના નોડેલ ઓફિસર સુધાબેન પટેલ, કિરણબેન પટેલ અને ગિરીશ પ્રજાપતિ તથા દીનાબેન ત્રિવેદીએ રેલીને સફળ બનાવી હતી. પ્રા. શાળા ૪ થી શરૂ કરેલી રેલી કવીતા સર્કલ, ખુની બંગલા, સત્ય નારાયણ મંદિર, ટાવર ચોક થઈને મામલતદાર કચેરી આગળ પુર્ણાહુતી કરી હતી. તંદુરસ્ત અને તટસ્થ લોકતંત્રને લોકભોગ્ય બનાવવા માટે મતદારોએ જાગૃત થઈ મતદાન કરવું જોઈએ. રેલીમાં આગળ બાઈક સવાર અને પાછળ મોટી સંખ્યામાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, આંગણવાડી કાર્યકરો, આશા વર્કર અને સખી મંડળની બહેનો વગેરે મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાઈ હતી.

## સેકટર-૨/બી ખાતે મહિલાએ ગળેફાસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર શહેરના સેકટર-૨ બી ખાતે મહિલાએ ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી દીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨ બી પ્લોટ નં.૨૦૧-૨ ખાતે રહેતા ૩૮ વર્ષિય દક્ષાબેન હિરાલાલ ડાભી એ ગુરુવારના રોજ બપોરના સુમારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘના અંગે પોલીસને જાણ કરતા સેકટર-૭ પોલીસ સ્ટેશનના એએસઆઈ પ્રવિણસિંહ તાત્કાલીક ઘટના સ્થળે આવી ગયા હતા. પોલીસે આપઘાત અંગે અકસ્માતે મોતનો ગુનોં નોંધી મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અને પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત માટે હાઈટ નાની હોવાને કારણે ૩૮ વર્ષની ઉંમરે પણ દક્ષાબેનના લગ્ન ન થયા હોવાથી તેમને લાગી આવતા તેમણે પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

**કલોલ તાલુકાના પાનસર ગામ પાસેના ફાટક પર**

## ઓવરબ્રિજનું નિર્માણ થનાર હોવાથી ટ્રાફિકનું ડાયવર્ઝન

ગાંધીનગર, તા.૧૮

કલોલ તાલુકાના પાનસર ગામ નજીક આવેલા એલ.સી.નં-૨૨૭ પર રેલ્વે ઓવરબ્રિજનું બાંધકામ થનાર છે. જેથી ફાટક બંધ કરી ટ્રાફિકને કામચલાઉ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. રેલ્વે ઓવરબ્રિજનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનો પાનસરથી વડાસ્વામી ગામે થઈ અંબાપુર ચાર રસ્તેથી છત્રાલ તરફના રોડનો ઉપયોગ કરવાનો રહેશે તેવું જાહેરનામું બહાર પાડી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એચ.એમ.જાડેજાએ જણાવ્યું છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જાહેરનામામાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામ પાસે રેલ્વેનો ફાટક એલ. સી. નં-૨૨૭ આવ્યો છે. આ ફાટક ઉપર રેલ્વે ઓવરબ્રિજ તૈયાર કરવાનો હોવાથી ફાટકના મુખ્ય માર્ગ પરના વાહનોની અવર-જવર બંધ કરવામાં આવનાર છે. આ વાહનો પાનસરથી વડાસ્વામી ગામે થઈ અંબાપુર ચાર રસ્તેથી છત્રાલ તરફના રોડ ઉપર જઈ શકશે. ઓવરબ્રિજનું કામ લગભગ છ માસ સુધી ચાલશે. ત્યાં સુધી ઉપર્યુક્ત માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો/ હુકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે, તેવું પણ તા. ૧૬ એપ્રિલ, ૨૦૧૯ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

## શનિવારે મતદાન જાગૃતિ માટેની ફનસ્ટ્રીટમાં અવની મોદી સામેલ થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સંસ્કૃતિ ઈવેન્ટ્સ સંસ્થા દ્વારા આગામી તા. ૨૦મી એપ્રિલ શનિવારે સાંજે ૬ કલાકે ઘ-૪ સર્કલ નજીક સરદાર પટેલની પ્રતિમા પાસે સ્વર્ણિમ પાર્કમાં મતદાન જાગૃતિ મનોરંજન કાર્યક્રમ 'ફનસ્ટ્રીટ'નું આયોજન કરવામાં આવ્યું છે. ફનસ્ટ્રીટ કાર્યક્રમમાં શહેરના નાગરિકોને વિવિધ મનોરંજક કાર્યક્રમો સાથે મતદાન કરવા અપીલ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બોલીવુડની જાણીતી અભિનેત્રી અવની મોદી તથા અઘોરી મ્યુઝિકના કલાકારો ઉપસ્થિત રહેશે. ફનસ્ટ્રીટમાં મનોરંજક કાર્યક્રમો સાથે નાગરિકો માટે ડાન્સ અને ઝુમ્બા ગીત-સંગીત સહિતના કાર્યક્રમો યોજાશે તેવું સંસ્થાના મેહુલ ભોજકે અખબારી યાદીમાં જણાવ્યું છે.



**બહુજન સમાજ પાર્ટીના ગાંધીનગર લોકસભાના ઉમેદવારનો સાણંદ ખાતે પ્રચાર**

ગાંધીનગર લોકસભાના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર જયેન્દ્ર રાઠોડ દ્વારા ગુરુવારના રોજ સાણંદ વિધાનસભા મતક્ષેત્રમાં પ્રચાર-પ્રસાર ઝુંબેશ હાથ ધરી હતી. સાણંદ અને આસપાસના વિસ્તારના ગામડાઓમાં જઈને ડોર-ટુ-ડોર મતદારોને મળ્યા હતા અને પત્રિકાનું વિતરણ કર્યું હતું. આ પ્રચાર ઝુબેશમાં તેમની સાથે મોટીસંખ્યામાં બસપાના કાર્યકરો જોડાયા હતા. જયારે આગામી સમયમાં પ્રચાર ઝુંબેશ તેજ કરી દેવામાં આવશે.

# ચૂંટણી પ્રચાર માટે હવાઈ મુસાફરી માટેના ભાડા કલાકના એક થી ચાર લાખ

ગાંધીનગર

લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે વાપરવામાં આવતા હવાઈ સાધનો જેવાં કે હેલિકોપ્ટર અને એરક્રાફ્ટના ભાડાં નિયત કરવામાં આવ્યા છે. એક કલાક સુધીની ઉડાન માટે એક લાખ થી ચાર લાખ રૂપિયા ભાડું લેવામાં આવે છે. આ હવાઈ વાહનો ભાડે લેવામાં આવ્યા છે.

ગુજરાતમાં ચૂંટણી આચાર સંહિતાના કારણે સરકારનું હેલિકોપ્ટર અને એરક્રાફ્ટ ઉપયોગમાં લઈ શકાતું નથી તેથી રાષ્ટ્રીય કક્ષાના સ્ટાર પ્રચારકો માટે પાર્ટીએ ખાનગી કંપનીઓ પાસેથી આ હવાઈ વાહનો ભાડે લીધા છે અને તેનું પ્રતિ કલાકના દરે ચૂકવવામાં આવે છે.

ગુજરાતમાં જોવામાં આવ્યું છે કે કોંગ્રેસ કરતાં ભાજપના હેલિકોપ્ટરો અને એરક્રાફ્ટ વધારે છે. ભાજપે ત્રણ એરક્રાફ્ટ અને બે હેલિકોપ્ટર ભાડે રાખ્યા છે જ્યારે કોંગ્રેસે બે હેલિકોપ્ટર અને એક એરક્રાફ્ટ ભાડે રાખ્યું છે. આ હવાઈ વાહનો માટે એક લાખ થી ચાર લાખ રૂપિયા સુધીનું ભાડું ચૂકવવામાં આવે છે.

ભાજપના પ્રદેશ નેતાઓમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, પાર્ટીના અધ્યક્ષ જીતુ વાઘાણી અને ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સમાવેલા નેતાઓ આ હવાઈ સાધનો વાપરી શકે છે. એક સ્ટાર પ્રચારકની દિવસમાં ત્રણ થી ચાર સભાઓ હોય છે. બીજી તરફ કોંગ્રેસમાં રાજીવ સાતવ, અમિત ચાવડા, પરેશ ધાનાની અને રાષ્ટ્રીય કક્ષાના સ્ટાર પ્રચારકો હવાઈ વાહનો વાપરે છે. પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલને કોંગ્રેસે ચોપર આપ્યું છે. હવાઈ મુસાફરીનો ખર્ચ પાર્ટીમાં જાય છે.

## ભાજપ માટે નબળી બેઠક હોય ત્યાં માઈક્રો પ્લાનિંગ કરવા હાઈકમાન્ડની સૂચના

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોમાં ગઈ ચૂંટણીમાં ભાજપ તરફી માહોલ હતો તેવો માહોલ આ વખતે જોવા મળતો નથી તેની સ્વિકૃતિ ભાજપના પ્રદેશ નેતાઓ આપી રહ્યાં છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટીના ટોચના નેતાઓને મળીને રાજ્યની ૨૬ બેઠકોમાં છેલ્લી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. બે દિવસના રોકાણ દરમ્યાન મોદી ગુજરાતનો મૂડ પારખી રહ્યાં છે અને તેમણે પ્રદેશના નેતાઓને સૂચના આપી છે કે હવે પછી ચૂંટણી પ્રચારના છેલ્લા રાઉન્ડમાં પાર્ટી માટે જે બેઠક નબળી હોય ત્યાં જનસભાનું આયોજન કરવું જોઈએ.

ગુજરાતમાં લોકસભાની તમામ વિજય મેળવવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પાર્ટીએ ગાંધીનગરથી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની તમામ બેઠકોનો સર્વે કર્યો હતો. રાજભવનમાં રાત્રી રોકાણ દરમ્યાન મોદીને મળવા ગયેલા મુખ્યમંત્રી અને પ્રદેશના નેતાઓ પાસેથી મોદીએ ચૂંટણીની સ્થિતિનો ફિડબેક મેળવ્યો હતો.

૨૦૧૯ની લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એક એક બેઠક કિમતી છે, કારણ કે કોંગ્રેસની વધતી જતી રફતાર અને મહાગઠબંધનને જોતાં ભાજપને ફરીથી સત્તા પર આવવા માટે મહેતન કરવી પડશે. ભાજપમાં સ્ટાર કેમ્પેનરોની ફોજ છે પરંતુ નરેન્દ્ર મોદી એક એવા કેમ્પેનર છે કે જેમની સામે પાર્ટીના તમામ કેમ્પેનરો ફિક્કા પડે છે. મોદીની જનસભા અને રોડ શો કરવાની જે કેપેસિટી છે તે ભાજપના બીજા કોઈ નેતા પાસે નથી. ભાજપનો ઈન્ટરનલ સર્વે કહે છે કે આ ચૂંટણીમાં કોંગ્રેસ પાંચ થી સાત બેઠકો પર મજબૂત દાવેદારી કરી રહી છે પરંતુ જો તે બેઠકોમાં મતદાનના દિવસે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવે તો ભાજપના ઉમેદવારો માટે આ બેઠકોમાં આશા જાગી શકે છે. ભાજપના સર્વે પ્રમાણે પાર્ટીના ૧૩ ઉમેદવારો એવા છે કે જેમની જીત નિશ્ચિત છે. કોંગ્રેસના સર્વેમાં પણ આ બેઠકો ભાજપને આપવામાં આવી છે. ભાજપ માટે નબળી બેઠકો છે તેમાં આણંદ, અમરેલી, જૂનાગઢ, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, પાટણ, બારડોલી, વસલાડ, સુરેદ્રનગર અને પોરબંદરનો સમાવેશ થાય છે. પ્રદેશના નેતાઓએ મોદીને ભાજપ અને કોંગ્રેસના સર્વેક્ષણથી માહિતગાર કર્યા છે.

પાર્ટીના ઈન્ટરનલ સર્વેમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, મહેસાણા, કચ્છ, રાજકોટ, જામનગર, ભાવનગર, ખેડા, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત અને નવસારી બેઠકોમાં ઉમેદવારોને સૌથી વધુ સરસાઈ મળી શકે છે. પાર્ટીના પદાધિકારીઓ સાથેની સમીક્ષામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ મહેનત કોંગ્રેસની સ્થિતિ મજબૂત છે તેવી બેઠકોમાં કરવાનો અભિપ્રાય આપ્યો હતો. મોદી અને લોકસભાના પ્રભારી ઓમ માથુર સાથે થયેલી ચર્ચા પ્રમાણે કોંગ્રેસને ગુજરાતમાં બે કે ત્રણ બેઠકો મળે છે. કોંગ્રેસ આનાથી વધારે બેઠકો મેળવી શકે તેમ નથી. માથુરના અભિપ્રાય પ્રમાણે કોંગ્રેસને અમરેલી, જૂનાગઢ અને આણંદ કે પોરબંદર બેઠક પર ફાયદો થઈ શકે તેમ છે તેથી પાર્ટીએ આ વિસ્તારોમાં માઈક્રો પ્લાનિંગ કરવાની આવશ્યકતા હોવાનું સૂચન કર્યું છે.




ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે ૨૩મી એપ્રિલે મતદાન છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવવાના છે ત્યારે તેઓ ફરીથી પ્રદેશ નેતાઓ સાથે રાજ્યની બેઠકોની સમીક્ષા કરશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. જો કે પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ વિશ્વાસ સાથે કહે છે કે ગુજરાતમાં ભાજપ ૨૬ બેઠકો ફરી એકવાર જીતી જશે. મોદીએ કરેલી સમીક્ષા બેઠકમાં સ્ટેટ અને સેન્ટ્રલ આઈબીના રિપોર્ટ તેમજ વિવિધ ટીવી ચેનલોના પોલને પણ ધ્યાને લીધા છે.

મહત્વની બાબત એવી છે કે ભાજપની સમીક્ષા બેઠકમાં ભાજપના ૨૬ ઉમેદવારોના અભિપ્રાય અને તેમને પડતી મુશ્કેલીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા પૂર્વ ધારાસભ્યો તેમજ કોંગ્રેસના જે આગેવાન કાર્યકરો ભાજપમાં જોડાયા છે તેમને પણ ચાર્જ કરવા અને ભાજપ તરફી મતદાન થાય તે માટે પ્રયાસ કરવાની સૂચના પણ હાઈકમાન્ડ દ્વારા આપવામાં આવી છે.

## ૮૨૦૦૦ કરોડનું એડિબલ ઓઈલ કેમ આયાત કરવું પડે છે? : સામ પિત્રોડા

ગાંધીનગર

ગુજરાતના ટામેટા પાકિસ્તાન જાય છે પરંતુ ૪૦૦૦ કરોડનો કેચઅપ આપણે ચીનમાંથી આયાત કરી રહ્યા છીએ જે ગુજરાત માટે શરમજનક બાબત છે તેવું કોંગ્રેસના સિનિયર નેતા સામ પિત્રોડાએ કહ્યું હતું. તેમણે કહ્યું કે રાજ્યના ખેડૂતોને તક આપીને ગુજરાતમાં કેચઅપ બનાવી શકાય છે છતાં ભાજપની સરકાર ચીનમાંથી કેચઅપ મંગાવી રહી છે.

ચૂંટણી પ્રવાસ દરમ્યાન મિડીયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ગુજરાત એક સમયે તેલિયા રાજાઓનું રાજ્ય હતું પરંતુ એ સમય પુરો થયો છે. આજે ભારત વર્ષે ૮૨૦૦૦ કરોડ રૂપિયાનું એડિબલ ઓઈલ ઈમ્પોર્ટ કરે છે જેમાં પામ, સનફ્લાવર, સરસવ નો સમાવેશ થાય છે. પામ ઓઈલ માટે ભારતે મલેશિયા પર આધાર રાખવો પડે છે. ગુજરાતના કચ્છમાં પામ ઓઈલની ભરપૂર શક્યતાઓ છે, એ ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વિપુલ શક્યતાઓ છે છતાં સરકાર તે દિશામાં કામ કરતી નથી. સરકારને નેનો કાર અને ગિફ્ટ સિટી જેવા પ્રોજેક્ટ દેખાય છે પરંતુ તે બન્ને ફેઈલ થઈ ગયા છે. ગિફ્ટ સિટીમાં ૩૦૦ એકર જમીન વેરાન પડી છે. માત્ર બે ત્રણ બિલ્ડીંગો બનાવીને ફાયનાન્સિયલ હબ બનાવવા માગતી સરકારે ગિફ્ટમાં કંઈ મેળવ્યું નથી.

સામ પિત્રોડાએ કહ્યું કે મોડલ ઓફ ડેવલપમેન્ટ રહ્યું નથી કારણ કે મોદી સરકારે ગુજરાતમાં શરૂ કરેલા પ્રોજેક્ટ અત્યારે મૃતપ્રાય બની રહ્યાં છે અને યુવાનો પાસેથી રોજગારી છીનવાઈ રહી છે. રાજ્યમાં સોલાર પ્રોજેક્ટ કામ કરતા નથી. વિદેશી મૂડીરોકાણ આવતું નથી. રાજ્યનો મુખ્ય આધાર ખેતી અને ખેડૂત છે જેને કોંગ્રેસ આગળ લાવવા માગે છે. યુવાનોને વધારે નોકરી મળે તે માટે કોંગ્રેસ નાના ઉદ્યોગોને પ્રોત્સાહનો આપવા માગે છે. કોંગ્રેસ રાજ્યમાં નાના ઉદ્યોગો ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, પેટ્રોકેમ, ફાર્મા, પોર્ટ તેમજ એગ્રીકલ્ચર ક્ષેત્રને વધારે પ્રાધાન્ય આપવા માગે છે.

મોદીના જુઠાણા અંગે પિત્રોડાએ કહ્યું કે કોંગ્રેસે આઝાદી પછીના ૭૦ વર્ષમાં દેશને ટોચ પર પહોંચાડ્યો હતો છતાં મોદી તેમના પાંચ વર્ષના જૂઠાણાં ચલાવે છે. ભાજપે લોકશાહીને ખતમ કરી છે. સરકારની વિવિધ સંસ્થાઓ જેવી કે આરબીઆઈ, ઈન્કમટેક્સ, ઈડી અને સીબીઆઈનો દુરુપયોગ વિરોધીઓને ખતમ કરવા માટે થઈ રહ્યો છે. હું માનું છું કે કોંગ્રેસની ઈમરજન્સી સારી ન



હતી પરંતુ અત્યારે મોદી અને ભાજપની ઈમરજન્સી ખતરનાક છે જે દેશને તોડી રહી છે.

કોંગ્રેસની લડાઈ સત્યની છે અને સત્યની લડાઈ લડતી વખતે મુશ્કેલીઓનો સામનો કરી રહી છે પરંતુ દેશની જનતા લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સત્યને સ્વિકૃતિ આપશે તેવી આશા વ્યક્ત કરી પિત્રોડાએ કહ્યું કે મોદીના શાસનમાં આજે બેરોજગારી વધી ચૂકી છે. એક વર્ષમાં એક કરોડ લોકોને નોકરી આપવાની વાતો કરતા મોદી પાંચ વર્ષમાં તેમના વાયદા ભૂલ્યા છે. આજે દેશમાં કિસાનોના પણ પ્રશ્નો છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. દેશમાં વિદેશી ઉદ્યોગકારો મૂડીરોકાણ કરવા તૈયાર નથી. જીએસટી અને નોટબંધીએ વેપારીઓ સાથે મધ્યમવર્ગની મુશ્કેલીઓ વધારી છે.

નેશનલ હેરલ્ડના કેસનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે મને અને કોગ્રેસના આગેવાનોને મોદીએ ખોટી રીતે સંડોવ્યા છે. જો કેસ મજબૂત હોય તો પાંચ વર્ષમાં અમારી સામે કેમ કઠોર પગલાં લેવાયા નથી તેવો સવાલ તેમણે કર્યો હતો.